ખાસ જરૂરી
તાત્કાલિક

જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ ) ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીગમાં,
બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા,સુરત

Advice No__________ Date__________
Cheque No__________ Date__________

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e -mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા./શિક્ષણ/૨૦૧૮-૧૯/૨૪૮૯ તારીખ : ૦૪-૦૯-૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ શાળા/કોલેજો જોગ

વિષયઃ- વર્ષ ૨૦૧૮-૧૯ માં ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃત્તિ માટે **National Scholarship Portal (2.0)** માં શાળા/કોલેજ/સંસ્થાઓમાં કરવાની કામગીરી બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા. ૨૭/૦૮/૨૦૧૮ સોમવારના રોજ **Ministry of Minority Affairs, Delhi** દ્વારા **National Scholarship Portal** માટે **One Day Workshop** નું આયોજન કરેલ જેમાં મળેલ સુચનો મુજબ શાળા/કોલેજ/સંસ્થાએ કરવાની થતી કાર્યવાહીની વિગત આ સાથે સામેલ છે.

૧. **National Scholarship Portal** માં એક કરતાં વધુ વખત **(Duplication)**, શાળા/કોલેજ/સંસ્થાઓ તથા એક જ શાળાના બે **DISHE CODE** દેખાતા હોય તો તેની વિગત જિલ્લા કક્ષાને આપવાની રહેશે.

૨. શાળા/કોલેજ/સંસ્થાઓએ તેમના **ID/Password** કાર્યરત છે કે નહી તેની ચકાસણી કરવી જો કોઈ ક્ષતિ જણાય તો જિલ્લા કક્ષાએથી નવા **ID/Password** મેળવી લેવાના રહેશે.

૩. શાળા/કોલેજ/સંસ્થાઓએ **Login** થયા બાદ તેમની **Profile Update**માં **Registration Certificate Upload** કરી વિગતો ફરજિયાત **Submit** કરવાની રહેશે. આ પ્રક્રિયા બાદ જ શાળા/કોલેજ/સંસ્થાના **Login**માં બીજા **Option** કાર્યરત થયેલા જોવા મળશે.

૪. શાળા/કોલેજ/સંસ્થા તેની પ્રોફાઇલમાં **Fees,** અન્ય **Detail Update** કરવાની રહેશે તેમજ **Course Update** કર્યેથી જ વિદ્યાર્થીને અરજી પત્રક ઓનલાઇન ભરતી વખતે પોતાની શાળા/કોલેજ/સંસ્થા કે કોર્સ દેખાશે તેથી આ બાબત ગંભીરતાથી શાળા/કોલેજ/સંસ્થાએ લઇ **Update** કરવાની રહેશે.

૫. **National Scholarship Portal**માંશાળા/કોલેજ/સંસ્થાઓએ**Register**કરેલ મોબાઈલ નંબર પર આ પોર્ટલ માટે **ID/Password** અને કાર્ય કરતી વખતે ખરાઈ **(Authenticate)** કરવા માટે દરેક **Option**પર ક્લિક કરતાં પોર્ટલ દ્વારા **OTP** નો **SMS** જાય છે જેથી દરેક શાળા/કોલેજ/સંસ્થાઓએ**Permanent** કામ કરતાં કર્મચારીનો મોબાઈલ નંબર આપવાનો રહેશે. જો ઉપલબ્ધ હોયતો **OTP** મુજબ કામગીરી કરવાની રહેશે. આ પ્રક્રિયા દરેક **Login** ને તેના ભાગની **ONLINE** કામગીરી માટે ચાલુ રહેશે.

૬. **Login**માં આવેલ **Final Submit**થયેલી અરજીઓની **Verification** ની પ્રક્રિયા તા. ૧૫-૧૦-૨૦૧૮ સુધીમાં એક પણ અરજી **Pending** ન રહે તેમ પુરી કરવાની રહેશે. આ **Verification**ની પ્રક્રિયામાં ફ્રેશ અને રીન્યુઅલ વિદ્યાર્થીઓની **Final Submit** કરેલી ફ્રેશ અરજીઓમાટે **VerificationOption** માં આપેલ **Application Verification**તથા રીન્યુઅલ અરજીઓ માટે **Application Renewal Verification** માં જઈ અરજીઓ ઓનલાઈન **Verify** કરવાની રહેશે.

૭. જો કોઈ શાળા/કોલેજ/સંસ્થાઓએ કોઈ વિદ્યાર્થીની અરજી Defect કરેલી હોય તેવીફ્રેશ અરજીઓના Reverificationમાટે VerificationOption માં આપેલ Application Re-Verificationતથા રીન્યુઅલ અરજીઓ માટે Application Renewal Reverification માં જઈ અરજીઓ ઓનલાઈન Verify કરવાની રહેશે.

૮. વિદ્યાર્થીઓ માટે તા. ૩૦/૦૯/૨૦૧૮ તથા શાળા/કોલેજ/સંસ્થાઓ માટે Verify કરી onlineForward કરવાની છેલ્લી તા. ૧૫/૧૦/૨૦૧૮ હોવાથી સમય મર્યાદામાં દરેક સંસ્થાએ કામાગીરી પૂર્ણ કરવાની રહેશે. અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હીની સુચના ઉપરોક્ત તારીખ અંતિમ હોવાથી કોઇ ફેરફાર કે સુધારા વધારા થવાની સંભાવના નથી.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ – સુરત

નકલ સવિનય રવાના :

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર જાણ સારૂ